॥ શ્રીસ્વામિનારાયણોવિજયતેતરામ્ ॥

**શ્રીનરનારાયણદેવ સાહિત્ય ગ્રન્થમાલા – ૩૮**

શ્રીનરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવના
ઉપલક્ષ્યમાં પ્રકાશિત

# સોળ સંસ્કાર


**-: લેખક :-**
ડૉ. સ્વામી સત્યપ્રસાદ દાસજી
વેદાન્તાચાર્ય


પ.પુ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી
મહારાજની આજ્ઞાથી


**-: છપાવી પ્રસિદ્ધ કરનાર :-**
મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદન દાસજી
શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ

-: પુસ્તક પ્રાપ્તિ સ્થાન :-

શ્રીસ્વામિનારાયણ મંદિર, શ્રીનરનારાયણદેવ કોઠાર.
ભુજ - કચ્છ, પીન. ૩૭૦૦૦૧

**કીંમત - રૂા. - ૨૦**

**આવૃત્તિ - પ્રથમ**

**પ્રત. ૩૦૦૦**

**© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન છે.**

**સંવત્ ૨૦૬૬ વૈશાખ સુદ-૫**
**તા. ૧૮ - ૫ - ૨૦૧૦ મંગળવાર**

**-: કંપોઝ તથા સેટીંગ :-**
ડૉ. સ્વામી સત્યપ્રસદદાસજી

મુદ્રક :- શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસ
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ - ભારત

# નિવેદન

સર્વાવતારી ભગવાન શ્રીહરિએ જીવોના કલ્યાણ માટે છપૈયામાં જન્મ ધારણ કરી માતા-પિતાની સેવા કરી નાની વયે ઘરનો ત્યાગ કરી વન વિચરણ માટે એકલા ચાલી નિકળ્યા. તપસ્વીઓને તપનું ફળ આપ્યું. ત્યાર પછી ગુરુ શ્રીરામાનંદ સ્વામી પાસેથી ભાગવતી દીક્ષા લીધી. શ્રીરામાનંદ સ્વામીએ ઉદ્ધવ સંપ્રદાયની ધૂરા સર્વાવતારી શ્રીહરિને સોંપી. ત્યારપછી શ્રીહરિએ જન કલ્યાણ માટે સંતો - ભક્તો સાથે વિચરણ કરવા લાગ્યા. આ સયમે ગુજરાતમાં ધર્મના નામે અને સમાજની પરંપરાના નામે અનેક કુસંસ્કારો ચાલ્યા આવતા હતા. તેને શ્રીજીમહારાજે બંધ કરાવીને તેમનામાં વૈદિક સંસ્કારો રેળ્યા. શ્રીહરિએ શિક્ષાપત્રીમાં ગર્ભાધાન આદિ સંસ્કાર કરવાની આજ્ઞા કરી છે.

संस्काराश्चाह्निकं श्राद्धं यथाकालं यथाधनम् । स्वस्वगृह्यानुसारेण कर्तव्यं च द्विजन्मभिः ।।

'અને જે દ્વિજ હોય તેમણે ગર્ભાધાનાદિક સંસ્કાર તથા આહ્નિક તથા શ્રાદ્ધ એ ત્રણ જેતે પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે કરીને જેવો જેનો અવસર હોય અને જેવી ધનસંપત્તિ હોય તે પ્રમાણે કરવાં'

મનુષ્ય શરીરની સાથે અનેક આપણા પ્રાચીન સંસ્કારો જોડાયેલા હોય છે. તેમાં મુખ્યત્વે સોળ સંસ્કાર છે, જે જન્મથી લઇને મરણ સુધી એક પછી એક કરવામાં આવતા આ સંસ્કારો જ સમાજમાં શાન્તિ અને પવિત્રતાનો મૂળ મંત્ર છે. આ સંસ્કારો તન-મનને પવિત્ર કરે છે. ત્યારે પછી જ ભગવાનની ભક્તિ કરવા માટે અધિકારી બને છે.

શ્રીહરિ સ્વયં સાક્ષાત્ ભગવાન હોવા છતાં પણ મનુષ્યોને શીખ આપવા માટે આ વૈદિક સંસ્કારોને અનુશર્યા હતા. આ નાની પુસ્તિકામાં સોળ સંસ્કારની પુરેપુરી જાણકારી આપવામાં આવી છે. અને **શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ પ્રસંગે પ્રકાશિત થઈ રહી છે.** સૌ સત્સંગીઓ આ પુસ્કતને પોતાના ઘરમાં વસાવે અને સંસ્કારોનું મહત્વ સમજે અને તેને અનુશરે તેવી આશા સાથે જય શ્રીસ્વામિનારાયણ

લી. **મહંત પુરાણી સ્વામી ધર્મનંનદન દાસજી**
શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ-કચ્છ

# માનવ સંસ્કાર

આપણા વૈદિક ઋષિઓએ "વસુધૈવ કુટુમ્બકમ્"નો વિચાર આપીને બધાને એકસૂત્રમાં બંધાઈને રહેવાનું શિખવ્યું છે. ખરેખર આ વિચાર માનવ સમાજને એક રાખવામાં અતિ સફળ રહ્યો છે. આ ચિંતનથી જ આજે આપણે ન કેવળ ભારતીય માનવ સમાજ પરન્તુ સમગ્ર વિશ્વનો માનવ સમાજ એકત્વ અને સમત્વને અનુભવતો થયો છે. આ આપણી પ્રાચીન પરંપરાની અનમોલ ધરોહર છે. આ આપણી સંસ્કૃતિ અને સંસ્કારની પ્રાણધારા છે. આ આપણી જ્ઞાન-સંપદાની ઉદારતા, માનવીય સદ્ભાવનાને પ્રામાણિત કરે છે. જો આ આપણી ઉદાર વિચારધારા જન-જનના હૃદય સુધી ન પહોંચી હોત તો ભારતદેશ અને ભારતીય માનવ પર અનેક વિધ બર્બર આક્રમણ દ્વારા વિજયની લાલસા માટે આવેલ વિદેશીઓના હાથે આપણો સમાજ સમુદ્રના મહાસાગરમાં ડૂબી ગયો હોત પરન્તુ એવું ન બન્યું કારણ કે આપણા માનવ સમાજને ઋષિઓની સંસ્કૃતિ મળી છે, જેના પાયા ખૂબ ઊંડા છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં ગર્ભાધાન આદિ સંસ્કાર કરવાની આજ્ઞા કરી છે.

संस्काराश्चाह्निकं श्राद्धं यथाकालं यथाधनम् ।
स्वस्वगृह्यानुसारेण कर्तव्यं च द्विजन्मभिः ।। ( शिक्षा. श्लोक - ९१)

અને જે દ્વિજ હોય તેમણે ગર્ભાધાનાદિક સંસ્કાર તથા આહ્નિક તથા શ્રાદ્ધ એ ત્રણ જેતે પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે કરીને જેવો જેનો અવસર હોય અને જેવી ધનસંપત્તિ હોય તે પ્રમાણે કરવાં (૯૧)

ધર્મ સનાતન સત્ય છે. જેનો પ્રવાહ અનાદિકાળથી અવિરત ચાલ્યો આવે છે. હજારો વર્ષોથી ચાલી આવતી આ ધર્મધારામાં પ્રગતિ, પતન, વિકાસના ચિહ્નો સ્પષ્ટ દેખાય છે કારણ કે યુગની પરિસ્થિતિઓમાં

ધર્મનું બાહ્યચિન્હ બદલાતું હોય છે પરન્તુ આંતરીક ધર્મધારા વહેતી જ રહે છે અને સમયે સમયે માનવના હૃદયને ભિંજવતી રહે છે.

સંસ્કાર અને સંસ્કૃતિમાં અનન્ય સમ્બન્ધ હોય છે. જન્મથી લઈને મરણ સુધી મનુષ્ય જુદા-જુદા પ્રકારના સંસ્કારોથી બંધાયેલો છે આ સંસ્કાર જ માનવને શોભાવે છે, સંભાળે છે અને શુદ્ધ કરે છે. આ સંસ્કાર જ માનવજીવનની પૂર્ણતા અને પરિચય કરાવે છે.

આપણી સંસ્કૃતિમાં એવા એવા ગૌરવશાળી સુત્રો અને સિદ્ધાન્તો છે જે સંસ્કારના માધ્યમાંથી મળે છે. આ ગોરવશાળી સિદ્ધાન્ત માનવજીવનની શૈલી અને આચાર-વિચારની શિક્ષા આપે છે. આવા ચિંતનથી જે આપણા ઋષિઓએ ગર્ભાધાનથી લઈને અંત્યેષ્ટિ સંસ્કાર સુધીનું વિધાન બતાવીને માનવને પોતાનું કર્તવ્યતાનું જ્ઞાન આપ્યું. સારા સંસ્કારના બળ પર જ માનવ સંસ્કારવાન કહેવાય છે અને સમાજમાં સન્માનિત પદ પ્રાપ્ત કરે છે.

સંસ્કાર વિના માનવ અસંતૃલિત, અસંસ્કૃત, નિયંત્રણહીન અને ઉચ્છૃંખલ બની જાય છે. સંસ્કાર આપણી બુદ્ધિ-વિવેકમાં વૃદ્ધિ કરે છે અને અનુશાસિત બનાવે છે. પ્રેમ, સૌહાર્દ, સદ્‌ભાવના અને વિશ્વાસનું વાતાવરણ સંસ્કારથી જ જોવા મળે છે. माता पृथ्वी पुत्रो अहम् पृथिव्याः। અર્થાત્ પૃથ્વી આપણી માતા છે આપણે બધા તેમના પુત્રો છીએ. આવી ભાવના સંસ્કારથી જ આવે છે.

સંસ્કાર ગ્રહણ કરવામાં ભારત પવિત્રભૂમિ છે. જ્યાં ધનથી વધારે સંસ્કારનું મહત્વ માનવામાં આવે છે. ભારતદેશમાં માનવ જીવનનું મુલ્યાંકન અધિક માનવામાં આવ્યું છે તેથી માનવજીવનમાં સરલતા અને ઉદારતા હોવી જરુરી  છે તેને માટે સંસ્કારની અતિ આવશ્યકતા છે.

બાળકોમાં શિષ્ટાચાર હોવો અતિ જરૂરી છે. જો બાલ્યાવસ્થામાંથી જ ઉત્તમ સંસ્કાર અને ગુણો આપવામાં આવે તો

તેનો પ્રભાવ જીવનભર રહે છે. જે વ્યક્તિના જીવનમાં સંસ્કારનો પ્રભાવ પડ્યો છે તે જ સાચો અને પૂર્ણ માનવ બન્યો છે.

વર્તમાન સમયમાં તીવ્ર ગતિથી માનવતાનું મુલ્યાંકન ઘટતું જાય છે અને આપણી નૈતિકતાનું પતન થઈ રહ્યું છે. તેનુ ચિંતન કરવું અતિ જરૂરી છે. સંસ્કાર વિના આપણે અસ્થિરતા, ભય, નિરાશા, હિંસા, દ્વેષ, પરસ્પર વેરભાવ આદિથી ગ્રસ્ત થતા જઈએ છીએ જેના પરિણામસ્વરુપે આપણે માનવતાનું અસ્તિત્વ ગુમાવી રહ્યા છીએ. આવું શા માટે થઈ રહ્યું છે ? તેનું ચિંતન કરવાથી જણાશે કે જીવનમાં સંસ્કાર અને સંસ્કૃતિનો અભાવ છે. સંસ્કાર મનુષ્યજીવનનું મૂળ છે. આપણે સંસ્કારવાન્ બનવું પડશે ત્યારે જ આપણી સંસ્કૃતિ ટકી રહેશે. સંસ્કાર અને સંસ્કૃતિમાં બિલકુલ ભેદ નથી. સંસ્કૃતિનો અર્થ છે ધર્મ. ધર્મનું પાલન કરવાથી જ માનવ માનવ બને છે. અન્યથા ભોજન કરવું, સુવું, રોવું, ધોવું, ભયભીત થવું. જીવવું અને મરવું, સંતાન ઉત્પન્ન કરવાં આ બધુ પશુ-પક્ષી પણ કરે છે. પશુ- પક્ષીમાં અને મનુષ્યમાં ભેદ શું છે ? ભેદ એટલો જ છે કે ઉપરોક્ત બધી ક્રિયા પશુ-પક્ષી કરે છે તે સંસ્કાર વિનાની હોય છે અને મનુષ્ય જે ક્રિયા કરે છે તે સંસ્કારના રુપમાં કરે છે. ગાય-ભેંસ, ઘોડા ઘેટાં બકરાં આદિ જેવું ખેતરમાં અનાજ પાકે છે જેવું ખાય છે પરન્તુ મનુષ્ય તે અનાજનું સંસ્કરણ દ્વારા શુદ્ધ કરે છે પછી તેનો ઉપયોગ કરે છે. મનુષ્યની તમામ ક્રિયાઓમાં સંસ્કાર હોય છે જ્યારે પશુ-પક્ષીની ક્રિયામાં સંસ્કાર નથી હોતા.

માનવતા સંસ્કારથી જ જાણી શકાય છે. જીવનને સુસંસ્કૃત અને સંયમિત કરવા માટે શાસ્ત્રોમાં વિવિધ સંસ્કારો બતાવ્યા છે. ભારતીય સંસ્કૃતિમાં શાસ્ત્રોક્ત સંસ્કાર આધ્યાત્મિક જીવન-સાધનાનો આધાર છે. જેનું પાલન કરવાથી બંધનોથી મુક્ત થઈને મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. સંસ્કારયુક્ત જીવનથી આ લોક અને -પરલોક તથા સ્વાર્થ અને પરમાર્થ બને સુધારી શકાય છે.

બધા સંસ્કારો ધર્મના આધારે હોવા છતાં પણ સંપૂર્ણ વૈજ્ઞાનિક છે. એક - એક સંસ્કારની ક્રિયાઓ પાછળ વિજ્ઞાન છૂપાયેલું છે જેનું પાલન જીવનમાં અતિ ઉપયોગી છે. સંસ્કારથી જ જીવન શુદ્ધ બને છે. સોનાને શુદ્ધ કરવા માટે અગ્નિમાં તપાવવું પડે છે. અગ્નિમાં સંસ્કારિત થયેલું સોનું ઉત્તમ ગણાય છે તેવી જ રીતે સંસ્કારથી શુદ્ધ થયેલ માનવ ઉત્તમ બને છે.

બાળક પોતાના પરિવારમાં સંસ્કારિત થાય છે સમયાન્તરે યુવા અને વૃદ્ધ થાય છે. તે સંસ્કાર પોતાના બાળકને આપે છે આ પ્રમાણે પેઢી દર પેઢી સંસ્કારની પરંપરા ચાલું રહે છે. તેથી આપણા ઋષિએ કહ્યું છે કે સંસ્કાર જન્મોજન્માન્તર સુધી સાથે રહે છે. અર્થાત્ વ્યક્તિ પોતાના નવા જીવનનો પ્રારંભ કરતે સમયે પૂર્વજન્મના સંસ્કારને પણ ગ્રહણ કરે છે. આ સત્ય હકીકત છે કારણ કે આત્મા નિત્ય છે અને સંસ્કાર આત્માથી જોડાયેલ છે. જ્યાં આત્મા જશે ત્યાં શુભાશુભ સંસ્કાર પણ સાથે જશે. આત્માને નવું શરીર મળે ત્યારે સંસ્કાર સાથે આત્મા તેમાં પ્રવેશ કરે છે. પૂર્વજન્મની સ્મૃતિઓ પણ સાથે આવે છે. તેથી જીવન સંસ્કારી હોવું જોઈએ. તેના માટે શાસ્ત્રોમાં સોળ સંસ્કાર કહ્યા છે તેને સમય સમય પ્રમાણે કરવા જોઈએ. સંસ્કાર ગ્રહણ કરવા માટે કર્મકાંડની જરુર પડે છે તેના દ્વારા ગર્ભાધાન થી લઈને અન્ત્યેષ્ટિ સુધી કરવામાં આવે છે.

આ નાની પુસ્કિતામાં સોળ સંસ્કારની સંક્ષેપમાં વિગતો આપવામાં આવી છે. આશા છે કે બધાને આ પુસ્તિકા અતિ ઉપયોગી થશે તેથી સૌ કોઈ આ પુસ્કને સદૈવ આવકારશે.

*ડૉ. સ્વામી સત્યપ્રસાદ દાસજી - ભુજ*

| ક્રમ | અનુક્રમણિકા | પેજ |
|---|---|---|
| (૧) | ગર્ભાધાન સંસ્કાર | ૯ |
| (૨) | પુંસવન સંસ્કાર | ૧૧ |
| (૩) | સીમન્તોન્નયન સંસ્કાર | ૧૨ |
| (૪) | જાતકર્મ | ૧૩ |
| (૫) | નામકરણ સંસ્કાર | ૧૪ |
| (૬) | નિષ્ક્રમણ સંસ્કાર | ૧૬ |
| (૭) | અન્નપ્રાશન સંસ્કાર | ૧૭ |
| (૮) | કર્ણવેધ સંસ્કાર | ૧૯ |
| (૯) | વિદ્યારંભ સંસ્કાર | ૨૨ |
| (૧૦) | ચૂડાકર્મ સંસ્કાર | ૨૪ |
| (૧૧) | યજ્ઞોપવીત સંસ્કાર | ૨૨ |
| (૧૨) | વેદારંભ સંસ્કાર | ૨૬ |
| (૧૩) | કેશાન્ત સંસ્કાર | ૨૮ |
| (૧૪) | સમાવર્તન સંસ્કાર | ૨૯ |
| (૧૫) | વિવાહ સંસ્કાર | ૩૦ |
| (૧૬) | અન્ત્યેષ્ઠિ સંસ્કાર | ૩૬ |

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# સોળ સંસ્કાર

## (૧) ગર્ભાધાન સંસ્કાર

આપણા શાસ્ત્રોમાં માન્ય સોળ સંસ્કારોમાં ગર્ભાધાન પહેલો સંસ્કાર છે. ગૃહસ્થ જીવનમાં પ્રવેશ કર્યા પછી સૌ પ્રથમ ગર્ભાધાન સંસ્કાર કરવામાં આવે છે. ગૃહસ્થ જીવનનો મુખ્ય ઉદ્દેશ શ્રેષ્ઠ સન્તતિની ઉત્પતિ કરવી અને વંશ પરંપરા ચાલુ રાખવી. “प्रजातन्तुं मा व्यवच्छेत्सी”( તૈ.ઉ.) વિદ્યાર્થી જ્યારે ગુરુના આશ્રમમાંથી વિદ્યાભ્યાસ પુરો કરીને વિદાય લે છે ત્યારે આચાર્ય તેને ગૃહસ્થના ધર્મો સમજાવતાં કહે છે. સંતતિ પરંપરાનો વિચ્છેદ ન કરજે. ઉત્તમ સંતતિની ઇચ્છા રાખનાર માતા-પિતાએ સૌ પ્રથમ પોતાનું તન અને મન પવિત્ર અને સ્વસ્થ રાખવું જોઇએ અને તન અને મનને પવિત્ર રાખવા માટે આ સંસ્કાર કરવામાં આવે છે. વૈદિકકાળમાં આ સંસ્કારને અતિ મહત્વપૂર્ણ માનવામાં આવતો હતો.

આ મંત્ર બોલીને ગર્ભાધાન સંસ્કાર કરવામાં આવે છે.

गर्भधेहिसिनिवालि । गर्भ धेहि पृथुष्टुके ।। गर्भते अश्विनौ देवावाधतां पुष्करस्रजौ ।। गर्भ ते मित्रावरुणौ गर्भ देवो बृहस्पतिः । गर्भ ते इन्द्रश्चाग्निश्च गर्भ धाता दधातु ते ।।

હે દેવી ! તમે આ સ્ત્રીને ગર્ભધારણ કરવા માટે સામર્થ્ય આપનારી થાઓ. કમળના પુષ્પોની માળા ધારણ કરનાર અશ્વિની કુમાર આ સ્ત્રીના ગર્ભને પુષ્ટ કરે. મિત્ર, વરુણ, ગુરુ બૃહસ્પતિ, ઈન્દ્ર, અગ્નિ, બ્રહ્મા આ બધા દેવતાઓ તારા ગર્ભને પુષ્ટ કરે.

ત્યાર બાદ નવ મહિનામાં બાળકનો જન્મ થાય તેના માટે બ્રહ્માજીની પ્રાર્થના કરવી

धातः श्रेष्ठेन रूपेणास्या नार्या गविन्योः । पुमासं पुत्रमाधेहि दशमे मासि सूतवे । यत्ते सुसी मे हृदयं दिवि चन्द्रमसि श्रितम् वेदाअहं तन्मां तद्विधात पश्येम शरदः शतम् जीवेम शरदः शत श्रणुयाम शरदः शतम् ।।

હે બ્રહ્માજી ! આ સ્ત્રીના ગર્ભમાં નવ મહિનામાં પુષ્ટ થઈ ઉત્પન્ન થાય એવા હેતુ થી સ્ત્રીના ગર્ભમાં સન્તાનને સ્થાપિત કરો. ઉત્પન્ન થયા પછી સો શરદ ઋતુ જુવે અર્થાત્ સો વર્ષ સુધી તે જીવે તેવા આશીર્વાદ આપનારા થાઓ.

* * * * *

## (૨) પુંસવન સંસ્કાર

ગર્ભાધાન સંસ્કાર કર્યા પછી સ્ત્રીના ગર્ભાધાનનું ચિન્હ દેખાય ત્યારપછી ગર્ભસ્થ બાળકના માનસિક વિકાસ અને શુદ્ધિ કરણ માટે આ સંસ્કાર કરવામાં આવે છે. ગર્ભાધાન ચિન્હ દેખાયા પછી બીજા અથવા ત્રીજા મહીનામાં આ સંસ્કાર કરવાનું વિધાન છે. પારસ્કરગૃહ્યસૂત્રમાં કહ્યું છે - 'अथ पुंसवनं पुरा स्पन्दत इति मासे द्वितीये तृतीय वा ।' આપણા આચાર્યોએ સંતનના ઉત્કર્ષ માટે આ સંસ્કાર કરવો અનિવાર્ય માન્યો છે. ગર્ભસ્થ બાળક સંબન્ધિ આ સંસ્કારને શુભ નક્ષત્રમાં પુરો કરવામાં આવે છે. સ્વસ્થ અને ઉત્તમ સંતતિનો જન્મ થાય એ હેતુ થી આ પુંસવન સંસ્કાર કરવામાં આવે છે. अद्येत्यादि ..... (દેશકાળનું ઉચ્ચારણ કરે ) - ममास्य भार्याया मुत्पतस्यमानस्य गर्भस्य बौजिक गार्भिक दोष परिहारार्थपुरुषाज्ञानोदयप्रतिरोधपरिहारद्वारा श्री परमेश्वर प्रीत्यर्थ पुंसवनाख्यं कर्माहं करिष्ये । આ સંસ્કારમાં અગ્નિ પૂજન કરવું, પોતાના ઈષ્ટદેવનો મંત્ર સો વાર જાપ કરવો ત્યાર પછી બ્રાહ્મણને ભોજન તથા દક્ષિણા આપીને આશીર્વાદ ગ્રહણ કરવા.

* * * * *

## (૩) સીમન્તોન્નયન સંસ્કાર

સીમન્નતોન્નયનને સીમન્તકરણ અથવા સીમન્ત સંસ્કારના નામથી પણ જાણવામાં આવે છે. સીમન્તોન્નયનનો અભિપ્રાય છે કે સૌભાગ્ય પ્રાપ્ત કરવું. ગર્ભપાત રોકવાની સાથો-સાથ ગર્ભસ્થ બાળકની સ્થિરતા રહે અને તેની માતાની રક્ષા કરવી એ આ સંસ્કારનો મુખ્ય ઉદ્દેશ છે. આ સંસ્કાર ગર્ભધારણના ચોથા તથા છઠા અથવા આઠમા મહીનામાં કરવામાં આવે છે. આશ્વલાયન ગૃહ્યસૂત્રમાં ચોથા મહીનામાં આ સંસ્કાર કરવાની વાત આવે છે.-આ સંસ્કાર કરતી વખતે દેવતાઓની પ્રાર્થના કરવામાં આવે છે.

'चतुर्थे गर्भमासे सीमन्तोन्नयनम् ।' આ સંસ્કારના માધ્યમથી ગર્ભિણી સ્ત્રીનું મન પ્રસન્ન રાખવા માટે પતિ ગર્ભસ્થ બાળકના સ્વાસ્થ્યની પ્રાર્થના કરતાં - કરતાં પોતાની પત્નીના કેશ (વાળ)ને સંવારે (ઓરે) છે. अद्येत्यादि ..... (દેશકાળનું ઉચ્ચારણ કરે ) - ममास्य भर्यायांगर्भाभिवृद्धिपरिपन्धि-पिशितप्रिया ्लक्ष्मीभूतराक्षसगण निरसनक्षेम सकलसौभाग्यनिदान लक्ष्मीसमावेशन द्वारा बीजगर्भ समुद्रैवनोनिवर्हणाय श्री परमेश्वर प्रीत्यर्थं स्त्री संस्कार रुपंसीमन्तोनयन कर्म करिष्ये ।। સૌભાગ્યવતી કુલીન સ્ત્રીઓ તથા વૃદ્ધ સ્ત્રીઓ ગર્ભવતી સ્ત્રીની માંગ ભરે છે અને આશીર્વાદ આપે છે. આ સમયે ખિચડી ખાવાનો પણ રીવાજ છે.

* * * * *

## (૪) જાતકર્મ

નવજાત બાળકની નાળના ઉચ્છેદન ( નાળ કાપવા) થી પહેલાં આ સંસ્કાર કરવાનું વિધાન છે. આ દૈવી સૃષ્ટિ - જગતના પ્રત્યક્ષ સમ્પર્કમાં આવનાર બાળકની મેધા, બળ અને દીર્ઘાયુ માટે સ્વર્ણ ખંડથી મધુ અને ઘી (ઘૃત) વૈદિક મંત્રોના ઉચ્ચારણની સાથે સોનીની સળીથી ચટાળવામાં આવે છે, અને એ જ સોનાની સળીથી બાળકના જીભમાં ઘીથી ૐ લખવું જોઈએ. આ સંસ્કાર વિશેષ મન્ત્રો અને વિધિથી કરવામાં આવે છે. બે બૂંદ ઘી તથા છ બૂંદ શહદનું મિશ્રણ અભિમંત્રિત કરીને ચટાળ્યા પછી પિતા યજ્ઞ કરે છે. તથા બાળકના ડાબા કાનમાં પિતા 'वेदोअसीति' તારુ ગુપ્ત નામ વેદ છે, એવું કહે છે. ત્યાર પછી પિતા બાળકની નાળ કાપે છે અને બાળકને આશીર્વાદ આપતાં કહે છે. તું મારા અંગ અંગથી ઉત્પન્ન થયો છે. મારા હૃદયથી તું ઉત્પન્ન થયો છે. પુત્ર નામથી તું મારી આત્મા જ છે. સો વર્ષ સુધી જીવિત રહો.

પિતા બાળકને વારંવાર આશીર્વાદ આપતાં કહે છે - 'अश्मा भव, परशुर्भव, हिरण्यस्तुतं भव ।' પત્થરની સમાન દ્રઢ થા. પરશુરામની સમાન શત્રુઓ માટે સુરવીર બનો.શુદ્ધ સોના જેવો સદાય પવિત્ર રહો.

જાતકર્મ સંસ્કાર બાળકને સ્નાન, નાળ છેદન, દૂધ પાન, શારીરિક, માનસિક, આધ્યાત્મિક ઉન્નતિ વગેરે માટે કરવામાં આવે છે તથા આ સંસ્કારથી બાળકે માતાના ઉદરમાં જે કાંઈ ખાધું હોય તે દોષ દૂર થઈ જાય છે. આ સમયે આચાર્ય સંકલ્પ કરાવે अद्येत्यादि ..... (દેશકાળનું ઉચ્ચારણ કરે ) - ममास्य कुमारस्य गर्भाम्बुपान जनित सकलदोष निवर्हणायुर्मेधाभिवृद्धि बीजगर्भसमुद्र

वैनौनिवर्हण द्वारा श्री परमेश्वर प्रीत्यर्थ जातकर्माख्यं कर्म करिष्ये ।।

આ સંસ્કારમાં નૌ મન્ત્રોનું વિશેષરુપથી ઉચ્ચારણ કરે છે. ત્યાર પછી બાળક બુદ્ધિમાન, બળવાન, સ્વસ્થ અને દીર્ઘજીવી બને તેના માટે પ્રાર્થના કરવામાં આવે છે. ત્યાર પછી માતા બાળકને સ્તનપાન કરાવે છે.

* * * * *

## (૫) નામકરણ સંસ્કાર

જન્મથી દસ રાત્રિઓં વીત્યા પછી અગિયારમા દિવસે આ સંસ્કાર કરવામાં આવે છે. આપણા શાસ્ત્રોમાં જન્મથી દસ દિવસ સુધી અશૌચ (સૂતક) માનવામાં આવે છે. તેથી આ સંસ્કાર અગિયારમાં દિવસે કરવાનું વિધાન છે. મહર્ષિ યાજ્ઞવલ્ક્યનો પણ આ જ મત છે. પરન્ન્તુ કેટલાક કર્મકાંડી વિદ્વાન્ આ સંસ્કારને અગિયારમાં દિવસે જ નહી પરન્તુ તેના પછીના દિવસોમાં પણ શુભ નક્ષત્ર અથવા શુભ દિનમાં કરવામાં માને છે. પોતાના ઈષ્ટદેવની પૂજા કર્યા પછી પુરોહિત કુલવૃદ્ધ અથવા પિતા દ્વારા આ સંસ્કાર કરવામાં આવે છે. નામ આપનાર બાળકના કાનમાં નામ સંભળાવે છે. 'જન્માંગચક્ર' પણ ગાવામાં આવે છે. નામકરણ સંસ્કાર સમયે પુરોહિત દ્વારા સંકલ્પ કરવામાં આવે છે કે - अद्येत्यादि ..... (દેશકાળનું ઉચ્ચારણ કરે ) अमुक ममास्य जातस्य पुत्रस्य बीजगर्भसमुद्भवैनोनिवर्हणाय नामाख्यं संस्कारं करिष्ये ।।

આ સમયે બાળકને સૂર્યદર્શન કરાવવામાં આવે છે. સૂર્યદર્શનથી બાળકને અખંડ તેજ અને બળ મળે છે.

નામસંસ્કાર કરનાર પિતા અથવા પુરોહિત બાળકના ડાબા કાનમાં કહે -

हे कुमार त्वं ... कुलदेवताया भक्तोसि ।।

हे कुमार त्वं मासनाम्ना ... असि ।

हे कुमार त्वं नक्षत्र नाम्ना .. असि ।

हे कुमार त्वं व्यवहार नाम्ना .. असि ।

આ મંત્રોચ્ચારણ પછી આચાર્ય બાળકને આશીર્વાદ આપતાં કહે છે–

अंगादगांत् संभवसि हृदयादधि जायसे ।

आत्मा वै पुत्रनामासि सः जीव शरद शतम् ।।

હે બાળક ! પિતાના અંગ અંગમાંથી ઉત્પન્ન થયેલ અને સ્વયં પિતા જ પુત્ર રુપે જન્મ લેનાર સો વર્ષ સુધી જીવો.

નામકરણ સંસ્કારનું સનાતન ધર્મમાં અધિક મહત્વ છે. જન્મના સમયની નોંધ લઈને નક્ષત્ર અને રાશીના આધારે નામ રાખવામાં આવે તો વ્યક્તિના વિકાસમાં સહાયક બને છે, તેથી આપણા ઋષિઓએ નામ સંસ્કરણ નો મહિમા બતાવ્યો છે. તેથી તો રામ થી રામનું નામ મોટું છે એવું કહેવામાં આવે છે. જ્યોતિષ વિજ્ઞાનના આધારે જ ભવિષ્યની રુપરેખા તૈયાર કરે છે.

* * * * *

## (૬) નિષ્ક્રમણ સંસ્કાર

ભગવાનની આ અદ્‌ભૂત રચનારુપ જગતથી બાળકની પ્રગાઢતા વધે તથા બ્રહ્માજીની આ સૃષ્ટિથી તે સારીપેઠે પરિચય થઈને દીર્ઘકાલ સુધી ધર્મ અને મર્યાદાની રક્ષા કરતો થકો આ સંસારને ભોગવે એ જ આ સંસ્કારનો મુખ્ય ઉદ્દેશ છે.

નિષ્ક્રમણ નો અભિપ્રાય છે બહાર નિકળવું. આ સંસ્કાર જન્મથી ચોથા મહિનામાં કરવામાં આવે છે. બાળકને વસ્ત્રાભૂષણોથી સુશોભિત કરી ઘરથી બહાર લાવીને સૂર્યનું દર્શન કરાવવાનું વિધાન છે. ત્યાર પછી ઘરમાં રહેલા ભગવાનની મૂર્તિ ( વિગ્રહ) ની આગળ દંડવતની મુદ્રામાં લેટાળવામાં આવે.

न अद्येत्यादि ममास्य शिशोरायुरप्व्रिव्यावहार सिद्धि ।
द्वारा श्री परमेश्वर प्रीत्यर्थ गृहान्तिष्क्रमणं करिष्ये ।

આ સંસ્કારમાં બાળકને સૂર્ય તથા ચન્દ્રમાની જ્યોતિ બતાવવાનું વિધાન છે. ભગવાન ભાસ્કરનું તેજ અને ચન્દ્રમાની શીતલતાનો અનુભવ કરાવવો એ મુખ્ય ઉદ્દેશ છે. આ વિધિની પાછળ ઋષિઓનો અભિપ્રાય છે કે બાળકને તેજસ્વી તથા વિનમ્ર બનાવવાની છે. આ દિવસે મંદિરોમાં જઇ ઈષ્ટદેવનાં દર્શન કરાવવાં અને બાળકની દીર્ઘ આયુ અને યશસ્વી જીવન માટે આશીર્વાદ માગવા. જન્મના ચોથા મહિનામાં આ સંસ્કાર કરવાનું વિધાન છે.ત્રણ મહિના સુધી બાળકનું શરીર બહારના વાતાવરણ તથા તડકો, હવા આદિથી અનુકુળ નથી હોતુ. તેથી પ્રાયઃ ત્રણ મહિના સુધી બાળકને બહુ સાવધાનીથી ઘરમાં રાખવો જોઈએ. ત્યાર પછી ધીરે ધીરે તેને બહારના વાતાવરણમાં લઇ આવવો

જોઈએ. બાળક ધીરે ધીરે સમાજના સંપર્કમાં આવીને સમાજની પરિસ્થિતિ ઓળખતો થાય એ જ આ સંસ્કારનો ઉદ્દેશ છે.

* * * * *

## (૭) અન્નપ્રાશન સંસ્કાર

આ સંસ્કારનો ઉદ્દેશ બાળકના શારીરિક અને માનસિક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. અન્નપ્રાશનનો સ્પષ્ટ અર્થ છે કે – અત્યાર સુધી બાળક દૂધ પીતો હતો હવેથી માતા બાળકને ધીરે ધીરે અન્ન આપવાની શરુઆત કરે જયારે સૌ પ્રથમ અન્ન બાળકના મુખમાં મુકે છે તેને અન્નપ્રાશન સંસ્કાર કહેવાય છે. શાસ્ત્રોમાં અન્નને પ્રાણ કયા છે, તેને ગ્રહણ કરવાથી બાળકનો શારીરિક અને માનસિક વિકાસ જલ્દીથી થાય છે. શરીર અને મનને મજબુત અને વિકસિત બનાવવામાં અન્નનું સર્વાધિક યોગદાન છે. શુદ્ધ સાત્વિક અને પૌષ્ટિક આહારથી જ શરીર સ્વસ્થ રહે છે. અને શરીર સ્વસ્થ હોય તો જ મન સ્વસ્થ રહે છે. અન્નનો અહાર શુદ્ધ હોય તો જ અન્તઃકરણ શુદ્ધ થાય છે. અન્નથી જ મન,બુદ્ધિ અને આત્માનું પોષણ થાય છે. તેથી માનવ જીવનમાં સંસ્કારનું ઘણું મહત્વ છે.

આપણા ધર્માચાર્યએ અન્નપ્રાશન માટે જન્મથી છઠા મહિનાને યોગ્ય માન્યો છે. ભગવાન મનુએ પણ આ સંસ્કારને છઠા મહિનામાં અથવા કુળના રીત રીવાજ મુજબ કરવાનું કહ્યું

છે. કારણ કે છઠા મહિના પછી બાળકની પાચનશક્તિ ધીરે - ધીરે વિકસિત થાય છે. બાળકના જન્મથી છઠા મહિનામાં શુભ નક્ષત્ર અને શુભ દિવસ જોઈને આ સંસ્કાર કરવો જોઈએ. ખીર અને મિઠાઈથી બાળકને અન્નગ્રહણ કરાવવું શુભ માનવામાં આવ્યું છે. **"અમૃતઃ ક્ષીરભોજનમ્"** આપણા શાસ્ત્રોમાં ખીરને અમૃત સમાન ઉત્તમ માનવામાં આવેલ છે.

સંસ્કાર સમયે પુરોહિત બાળકના પિતા પાસે સંકલ્પ કરાવે - अद्येत्यादि ..... (દેશકાળનું ઉચ્ચારણ કરે ) - ममास्य पुत्रस्य (कन्याया) अमुक कुमारस्य बैजिक गार्भिक दुरितप्रशमन पूर्वकालं पुष्कलता सिद्धये अन्नप्राशन्नमहं करिष्ये । આ પ્રમાણે સંકલ્પ કરીને આ પ્રસંગે બાળકની આંતરીક પરીક્ષા કરવાનું પણ વિધાન છે. બાળકની બાજુમાં પુસ્તક, અંગૂઠી, કલમ, શસ્ત્ર આદિ વસ્તુઓ રાખવી. બાળક જે વસ્તુ પહેલી ઉપાડે તે વિષયમાં પ્રવિણ થાય છે અને તે તેનું જીવિકાનું સાધન બનશે એવું સમજવામાં આવે છે. આ વિધિ પુરો થયા પછી આચાર્ય બાળકને અને પરિવારને આશીર્વાદ આપે છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણનો પ્રસિદ્ધ પ્રસંગ છે. ઘનશ્યામ મહારાજનો આ સંસ્કાર થયો ત્યારે બાજોઠ પર શસ્ત્ર, શાસ્ત્ર,(પુસ્તક) અંગૂઠી. રમકડાં જેવી વસ્તુઓ મુકવામાં આવી હતી. ઘનશ્યામ રમતા-રમતા બાજોઠ પાસે ગયા અને શાસ્ત્ર પર હાથ મુકીને શાસ્ત્રને પ્રસંદ કર્યું હતું.

* * * * *

## (૮) કર્ણવેધ સંસ્કાર

આપણા ઋષિઓ માવનજીવનમાં ઉપયોગી બધા સંસ્કારોને વૈજ્ઞાનિક પ્રયોગ દ્વારા સફળ થયા પછી જ પ્રારંભ કર્યા છે. કર્ણવેધ સંસ્કારનું જેટલું ધાર્મિક મહત્વ છે એટલું જ મહત્વ વૈજ્ઞાનિક રીતે શરીરને સ્વસ્થ રાખવામાં પણ છે. આયુર્વેદ પ્રમાણે કાનમાં છિદ્ર કરવાથી એક એવી નસ વિંધાય છે જેનાથી હાર્નિયા રોગ થતો નથી. કર્ણેન્દ્રિયનો વીર્યવાહિની નાડીયોથી સંબન્ધ હોય છે જેમાં છિદ્ર કરવાથી પુંસત્વ નષ્ટ કરનાર પરિબળોથી રક્ષા કરે છે. તેથી બાળકની શારીરિક વ્યાધિથી રક્ષા કરવા માટે આ સંસ્કાર કરવામાં આવે છે. પંચભૂત દ્વારા નિર્મિત પ્રકૃતિ દ્વારા આપવામાં આવેલ આ શરીરમાં એક એક અંગ અતિ મહત્વપૂર્ણ છે. કાન પણ આ શરીરનું મહત્વપૂર્ણ અંગ છે. કાનથી સાંભળી શકાય છે. કર્ણવેધ થી શરીરને અનેક પ્રકારની વ્યાધીથી રક્ષણ મળે છે અને શ્રવણ શક્તિ પણ વધે છે . કર્ણવેધ કર્યા પછી તેમાં આભૂષણો પહેરવામાં આવે છે આપણે બધા જાણીએ છીએ કે આભૂષણ આપણા શરીર માટે સૌન્દર્યનું પ્રતિક છે. આ સંસ્કારને છ મહિનાથી લઈને સોળ મહિના સુધી કરી શકાય છે. કુળ પરંપરાગત નિયમાનુસાર પણ કરી શકાય છે. પરન્તુ પાંચ વર્ષ સુધીમાં કર્ણવેધ કરી લેવો જરુરી છે. કારણ કે યજ્ઞોપવીત સંસ્કારથી પહેલાં આ સંસ્કાર કરવાનું વિધાન છે. જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે શુક્લ પક્ષના શુભ મુર્હૂતમાં આ સંસ્કાર કરવો અતિ ઉત્તમ અને શ્રેયસ્કર છે

આ સંસ્કારમાં સુવર્ણશલાકા અથવા રજતશલાકાથી

કર્ણછેદ કરવામાં આવે છે. બાળક હોય તો પ્રથમ જમણો કાન વિંધવાનો અને પછી ડાબો કાન અને કન્યા ( બાળકી) હોય તો પ્રથમ ડાબો કાન અને પછી જમણો કાન અને તેની નાસિકા વિંધવાનો પણ વિધિ છે.

સંસ્કાર સમયે પુરોહિત બાળકના પિતાને સંકલ્પ કરાવે - अद्येत्यादि ..... (દેશકાળનું ઉચ્ચારણ કરે ) - ममास्य पुत्रस्य (कन्याया) बीजगर्भ समुद्रवैनोनिबर्हणाय सुख सौभाग्य प्राप्तये कर्णवेध कर्म करिष्ये । આવો સંકલ્પ કરીને વિધિ કરવામાં આવે છે. કર્ણવેધ કરવા આવેલ સુવર્ણકારને સૌ પ્રથમ બાળકના પિતા તેના મુખમાં મીષ્ઠાન આપી પ્રસન્ન કરે ત્યાર પછી કર્ણવેધ કરે. અન્તમાં યજમાન મંત્રોચ્ચારણ સાથે સુવર્ણકારને અને આચાર્યને દક્ષિણા આપી આશીર્વાદ પ્રાપ્ત કરે.

ભગવાન શ્રીસ્વામિનારાયણનો બાલ્યાવસ્થામાં આ સંસ્કાર કરવામાં આવેલ તે પ્રસંગ સંપ્રદાયના શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. ઘનશ્યામ મહારાજનો જ્યારે કર્ણવેધ સંસ્કાર માટે સુવર્ણકાર કર્ણવેધ કરવા પાસે જાય છે ત્યારે ઘનશ્યામ મહારાજ ચમત્કાર બતાવ્યો હતો. ભક્તિમાતાના ખોળામાં બેઠેલા ઘનશ્યામ મહારાજ એકાએક ઝાડની ડાળીએ બેઠેલા જોયા. માતાએ વિનંતી કરી ત્યારે ઝાડ પરથી નીચે આવીને માતાના ખોળામાં આવી બેઠા અને સુવર્ણકારે કર્ણવેધ સંસ્કાર પૂરો કર્યો.

* * * * *

# (૯) વિદ્યારંભ સંસ્કાર

વિદ્યારંભ સંસ્કારના ક્રમ વિશે આચાર્યોનો જુદો જુદો મત છે. કેટલાક આચાર્યનો મત છે કે અન્નપ્રાશન સંસ્કાર પછી વિદ્યારંભ સંસ્કાર કરવો જોઈએ તો કેટલાક આચાર્યો ચૂડાકર્મ સંસ્કાર પછી આ સંસ્કાર કરવો યોગ્ય માને છે. પરન્તુ સામાન્ય રીતે અન્નપ્રાશન સમયે બાળક બોલી શકતો નથી તેથી વિદ્યારંભ કરવો શક્ય નથી તેથી ચૂડાકર્મ સુધી બાળકમાં શિખવાની પ્રવૃત્તિ જાગે છે તેથી ચૂડાકર્મ પછી વિદ્યારંભ સંસ્કાર કરવાનો યોગ્ય સમય છે.

આચાર્યનો મત છે કે બાળકના પાંચમા વર્ષે વિદ્યારંભ કરવો શ્રેષ્ઠ છે. વિદ્ ધાતુ નિષ્પન્ન વેદ શબ્દનો અર્થ જ્ઞાન છે. જ્ઞાન વિના જીવનની યાત્રા સુગમ થતી નથી તેથી આ સંસ્કાર દ્વારા જીવન યાત્રાને સફળ બનાવવા માટે વિદ્યા ભણવી જોઈએ.

વિદ્યારંભ સંસ્કારનો અભિપ્રાય છે કે બાળકને શિક્ષાની પ્રાથમિકતાનો પરિચય કરાવવો.

સંસ્કાર સમયે આચાર્ય બાળકને સંકલ્પ કરાવે - अद्येत्यादि ..... (દેશકાળનું ઉચ્ચારણ કરે ) - मम पुत्रस्य सकल विद्या विशारदत्व सिद्धिद्वारा श्री सरस्वती प्रीत्यर्थं अक्षरारम्भ विद्यारम्भ च करिष्ये । આવો સંકલ્પ કરી श्रीगणेशाय नमः । ભગવાન ગણેશને નમસ્કાર હો, श्रीसरस्वत्यै नमः । વિદ્યાદેવી સરસ્વતીને નમસ્કાર હો, તેમજ श्रीनारायणाय नमः । ઈષ્ટદેવતાને નમસ્કાર હો, તથા श्री गुरवे नमः। ગુરુને નમસ્કાર હો. આ પ્રમાણે પૂજન કરી अ आ इ ई આદિ અક્ષરોથી વિદ્યારંભ કરે. પ્રાચીન સમયમાં જ્યારે ગુરુકુળની

પરંપરા હતી ત્યારે બાળકને વેદાભ્યાસ માટે મોકલતાં પહેલાં ઘરમાં અક્ષર જ્ઞાન કરાવવામાં આવતું . માતા-પિતા તથા ગુરુજનો બાળકને સ્વર અને વ્યંજન જેવા અક્ષરોનું જ્ઞાન આપતા હતા અને વૈદિક કથાઓ સંભળાવતા હતા જેથી ગુરુકુળમાં વેદાભ્યા કરવો સરલ પડે. અક્ષર જ્ઞાન સાથે વૈદિક જ્ઞાનથી મનુષ્યની ઉન્નતિ થાય છે. सा विद्या या विमुक्तये । જે વિદ્યા મુક્તિને આપે એજ સાચી વિદ્યા છે. તેથી બધાને વિદ્યાભ્યાસ કરવો જોઈએ. બાળકને શુભ મુર્હૂતમાં વિદ્યારંભ સંસ્કાર કરાવવો જોઈએ જેથી તે નિર્વિઘ્ન વિદ્યાભ્યાસ પૂરો કરી શકે. આજના દિવસે આચાર્ય તેમજ અન્ય બ્રાહ્મણોને ભોજન-દાન આપીને આશીર્વાદ ગ્રહણ કરે .

શ્રીહરિએ આ સંસ્કાર પિતા ધર્મદેવ પાસે કર્યો હતો. પિતા ધર્મદેવ સંસ્કૃતના મહાન્ વિદ્વાન્ હતા. ઘનશ્યામ મહારજે પિતા ધર્મદેવ પાસે સંસ્કૃતનો વિદ્યાભ્યાસ કર્યો હતો.

* * * * *

## (૧૦) ચૂડાકર્મ સંસ્કાર

ચૂડાકર્મને મુંડન સંસ્કાર પણ કહેવાય છે. આચાર્યોએ પહેલા-બીજા અથવા પાંચમા વર્ષમાં આ સંસ્કારને કરવાનું વિધાન બતાવ્યું છે. મનુસ્મૃતિમાં પ્રથમ અથવા ત્રીજા વર્ષમાં આ સંસ્કાર કરવાનું વિધાન છે. આ અવસર પર બાળકના મસ્તકના વાળ (કેશ) ના ત્રણ ભાગ કરી મંત્રોચ્ચારણ સાથે શિખા રાખીને વાળ ઉતારીને પવિત્ર કુશના આસન ઉપર રાખવા ત્યાર પછી ગૌમુત્રથી

પવિત્ર કરી ગંગાનદીના કિનારે અથવા ગૌશાળાની જમીનમાં દાટી દેવાનો વિધિ છે.

આચાર્ય ચરક કેશ, શ્મશ્રુ તથા નખ આદિ ઉતારવાનું આરોગ્યની દષ્ટિએ ઉત્તમ માને છે અને આયુ, શરીર પુષ્ટિ, પવિત્રતા અને સૌન્દર્યમાં અભિવૃદ્ધિ થાય છે. આ સંસ્કારનો હેતુ પવિત્રતા, બૌદ્ધિક વિકાસ અને સુંદરતા છે એવું આપણા મનિષિઓનું કહેવું છે.

મુંડન સમયે શિખા રાખવાથી બુદ્ધિનો જલ્દી વિકાસ થાય છે. મુંડન સંસ્કારનો અભિપ્રાય છે કે બાળકના જન્મ સાથે આવેલ અપવિત્ર કેશ હટાવીને બાળકને પવિત્ર બનાવવાનો છે. નવ મહિના સુધી ગર્ભમાં રહેવાને કારણે અસંખ્ય દૂષિત કિટાણુંઓ તેમના કેશમાં રહેતા હોય છે. अद्येत्यादि ..... (દેશકાળનું ઉચ્ચારણ કરે ) - मम कुमारस्य बीजगर्भसमुद्रवैनोनिवर्हणबलायुर्वयो मेधाभिबुद्धिद्वारा श्री परमेश्वर प्रीत्यर्थ श्वः करिष्यमाण चूड़ाकर्म संस्कार कर्मणः पूर्वागत्वसिद्धये चाद्यरात्रौ केशाधिवासनं करिष्ये ।। મુંડન સંસ્કારને શુભ મુહુર્તમાં કરવાનું વિધાન છે વૈદિક મંત્રોચ્ચારણની સાથે સંસ્કાર પુરો કરવામાં આવે છે.

ઘનશ્યામ મહારજે મુંડન કરાવીને આ સંસ્કાર વિધિ કર્યો હતો. મુંડન કરાવતી વખતે પણ ઘનશ્યામે સૌને ચમત્કાર બતાવીને મુગ્ધ કર્યા હતા.

* * * * *

## (૧૧) યજ્ઞોપવીત સંસ્કાર

યજ્ઞોપવીત અથવા ઉપનયન સંસ્કાર બૌદ્ધિક વિકાસ માટે સર્વાધિક મહત્વપૂર્ણ છે. આ સંસ્કારના માધ્યમથી વ્યવહારીક અને આધ્યાત્મિક ઉન્નતિઓ સ્થપાય છે. આ સંસ્કાર કર્યા પછી વેદમાતા ગાયત્રીનો સાક્ષાત્કાર થાય છે. ગાયત્રી મંત્ર સૌથી શક્તિ શાળી છે આવું આજનું વિજ્ઞાન પણ માને છે. “यज्ञोपवीतं परमं पवित्रम् ।” યજ્ઞોપવીત જેને ‘જનોઈ’ પણ કહેવાય છે. તે અત્યન્ત પવિત્ર છે. સૌ પ્રથમ પ્રજાપતિએ સ્વભાવિકરુપથી જનોઈનું નિર્માણ કર્યું હતું. યજ્ઞોપવીતમાં ત્રણ સૂત્ર હોય છે. પ્રત્યેક સૂત્રમાં પણ બીજા ત્રણ ત્રણ સૂત્રો હોય છે. તેમાં ત્રણ ગાંઠો હોય છે. अद्येत्यादि ..... (દેશકાળનું ઉચ્ચારણ કરે ) मम कुमारस्य बीजगर्भसमुद्रवैनोनि वर्हणपूर्वक श्रौत स्मार्त कर्मानुष्ठान सिद्धि द्वारा ब्रह्मवर्चोभिवृद्धयेइज्याध्ययनदानादि षट्कर्माणां पाठहोमादि पंच नित्यानुष्ठनार्हयज्ञादीनां चातुवर्णेषु स्वस्व वेदशाखासूत्र प्रवर गोत्र मुनिवर्णित वहिताविहित धर्मकरणानुकूल ब्रह्मचर्यगृहस्थाश्रमादिषु यथामतितत्फलानुसन्धानकृततदुपयोगि कर्माणां पंचमहा पातकोति पापानां ज्ञाताऽज्ञात प्रायश्चिताय उपनयन संस्कार करिष्ये ।।

યજ્ઞોપવીત ધારણ કરવાથી આયુ વધે છે. બળ અને તેજ પણ વધે છે. આ સંસ્કાર વિષે આપણા શાસ્ત્રોમાં વિશેષ ઉલ્લેખ કર્યો છે. યજ્ઞોપવીત ધારણ કરવાનું ધાર્મિક અને વૈજ્ઞાનિક મહત્વ છે. પ્રાચીન સમયમાં જ્યારે ગુરુકુળની પરંપરા હતી તે સમયે પ્રાયઃ આઠ વર્ષે આ સંસ્કાર કરવામાં આવતો હતો.

गर्भाष्टमेब्दे कुर्वीत ब्राह्मणस्योपनायनम् ।

गर्भादेकादशे राज्ञो गर्भात्तु द्वादशे विशः ।। બ્રાહ્મણને આઠ વર્ષે, ક્ષત્રીયને અગિયાર વર્ષે અને વૈષ્યને બાર વર્ષે યજ્ઞોપવિત આપવાનું વિધાન છે.

યજ્ઞોપવીત સંસ્કાર પછી વેદાદિનું વિશેષ અધ્યયન કરવા માટે ગુરુકુળ જતો હતો. જ્યાં સુધી બ્રહ્મચર્ય આશ્રમમાં હોય ત્યાં સુધી એક યજ્ઞોપવિત ધારણ કરવાનો વિધિ છે , પરન્તુ વેદાધ્યયન કર્યા પછી જયારે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે ત્યારે તેમની ધર્મ પત્નિની યજ્ઞોપવિત પતિને ધારણ કરવાની હોય છે તેથી બે સાથે યજ્ઞોપવિત્ર ધારણ કરવાનો વિધિ છે.

બાળકના મુંડન કરવાનો બાળકના પિતા સંકલ્પ કરે. - देशकालौ संकीर्त्य अद्येत्यादि .... मम बालकस्य उपनयनं कर्तु तत्प्राच्यागभूतं वपनं च करयिष्ये ।।

આ સંસ્કાર સમયે શિખા રાખીને બાળકનું મુંડન કરવામાં આવે. મુંડન કર્યા પછી બાળક સ્નાન કરે ત્યારપછી સ્વેષ્ટદેવતા અને ગણપતિનું પૂજન કરવામાં આવે છે.

આ સંસ્કારનો ઉદ્દેશ સંયમિત જીવનની સાથે આધ્યાત્મિક જીવન જીવવામાં બાળકને પ્રેરિત કરે છે.

ઘનશ્યામ મહારાજના યજ્ઞોપવિત સંસ્કાર થઇ રહ્યો હતો ત્યારે તેમનું મુંડન કરવામાં આવ્યું હતું મસ્તકમાં શિખા હાથમાં પલાસનો દંડ, મુંજની મેખલા ધારણ કરી હતી. આ સંસ્કાર વિધિ પુરો થયા પછી બાળકને ઘર છોડીને વન તરફ દોડીને જવાનું હોય છે. તેમના મામા હોય તેને પકડવા માટે પાછળ દોડે છે.

ઘનશ્યામ મહારાજે પણ યજ્ઞોપવિત વિધિ પુરો થયા

પછી ઘર છોડીને ભાગ્યા હતા તેને પકડવા માટે ઘનશ્યામના

આવે છે. આ સંસ્કારના સમયે ગુરુ શિષ્યને હવન કુંડ પાસે બેસાડીને નિર્દિષ્ટ દેવતા માટે ઘૃતની આહુતિ અપાવે છે. તેની સાથો સાથ વેદ રાશિરુપ આલૌકિક જ્ઞાન માટે અને પ્રજાપતિ માટે હોમ પણ કરવામાં આવે છે.ત્યાર પછી વેદોના બધાં અંગોની શિક્ષા પ્રારંભ થાય છે. વેદારંભથી પહેલાં આચાર્ય પોતાના શિષ્યને બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવા અને સંયમિત જીવન જીવવા માટે પ્રતિજ્ઞા લેવરાવતા હતા. આ પ્રમાણે તેની પરીક્ષા લીધા પછી જ વેદાધ્યયન કરાવતા હતા. સંયમિત જીવન જીવનાર વિદ્યાર્થી વેદાધ્યયન કરવામાં અધિકારી ગણવામાં આવે છે.

સંસ્કાર સમયે આચાર્ય બાળકને સંકલ્પ કરાવે - ममास्य पुत्रस्य श्रौतस्मार्तकर्ताधिकार सम्पादक ब्रह्मगायत्रीमन्त्र दृढकरणार्थ यजुर्वेदादिक्रमे वेदारंभ करिष्ये । ત્યાર પછી બાળકના પિતા આચાર્ય તેમજ અન્ય બ્રાહ્મણોને ભોજન-દાન આપીને બાળક માટે આશર્વાદ ગ્રહણ કરે .

શ્રીહરિએ બાળપણમાં જ વેદાદિ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. પિતા ધર્મદેવ મહાન્ વિદ્વાન્ હતા. ઘનશ્યામ મહારાજે પિતા પાસે માત્ર ત્રણ વર્ષમાં ચાર વેદ, ઉપનિષદો ધર્મગ્રન્થો, પુરાણો આદિ સર્વે શાસ્ત્રોનો અભ્યાસ કરી આ વેદારંભ સંસ્કાર વિધિ કર્યો હતો. બધાં શાસ્ત્રોનો અભ્યાસ કરીને પ્રભુએ સર્વેનો સારરૂપ એક ગુટકો બનાવ્યો હતો જે વનવિચરણ સમયે પણ સાથે રાખ્યો હતો.

* * * * *

# (૧૩) કેશાન્ત સંસ્કાર

ગુરુકુળમાં વિદ્યાર્થીનો અભ્યાસ પૂર્ણ થયા પછી આચાર્યના સાનિધ્યમાં જ આ સંસ્કાર સંપન્ન કરવામાં આવે છે. આ સંસ્કારને કેશાન્ત અથવા ગોદાન સંસ્કાર પણ કહેવાય છે. આ સંસ્કાર સોળ વર્ષની અવસ્થાએ કરવામાં આવે છે . સોળ વર્ષનો અભિપ્રાય છે કે - દાઢી-મૂંછના રોમ દેખાવા લાગે ત્યારે આ સંસ્કાર કરવામાં આવે છે. આ અવસ્થા સુધી બાળક કિશોર અવસ્થામાં હોય છે હવે પછી ગોદાન કરીને યુવા અવસ્થામાં પ્રવેશ કરે છે. વાસ્તવમાં આ સંસ્કાર ગુરુકુળ થી વિદય અને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાનો ઉપક્રમ છે. વેદ-પુરાણ અને વિભિન્ન કાળા અને વિદ્યાઓમાં પારંગત થયા પછી બ્રહ્મચારીના સમાવર્તન સંસ્કારથી પહેલાં કેશ (વાળ) ની સફાઇ કરવામાં આવતી હતી તથા સ્નાન કરાવીને સ્નાતકની ઉપાધી આપવામાં આવતી હતી. કેશાન્ત સંસ્કાર શુભ મુહૂર્તમાં કરવામાં આવે છે. સંસ્કારમાં ગણેશ, સ્વઈષ્ટદેવતાનું પૂજન કર્યા પછી પિતા સંસ્કલ્પ કરે અસ્ય બ્રહ્મચારિણઃ કેશાન્તાખ્ય કર્માહં કરિષ્યે । ત્યાર પછી કેશ ઉતારવો મંત્ર બોલી યત્ ક્ષુરેણ મજ્જયતા સુપેશસા વપત્વા વા વપતિ કેશાંશ્છિન્ધિ શિરો માસ્યાયુઃ પ્રમોર્ષીર્મુખમ્ ।। આ મંત્ર બોલી કેશ ઉતારીને આ સંસ્કાર પૂર્ણ કરે.

* * * * *

## (૧૪) સમાવર્તન સંસ્કાર

સમાવર્તનનો અર્થ થાય છે પાછા ઘેર આવવું. ગુરુકુળમાં વેદાદિ શાસ્ત્રોનો અભ્યાસ પૂરો થયા પછી જ્યારે ગુરુકુળથી વિદાય લેતાં પહેલાં શિષ્યનો સમાવર્તન સંસ્કાર થાય છે. આ સંસ્કારથી પહેલાં બ્રહ્મચારીનો કેશાન્ત સંસ્કાર થાય છે ત્યાર પછી તેને સ્નાન કરાવવામાં અવે છે. આ સ્નાન સમાવર્તન સંસ્કાર જેવો જ હોય છે. તેમાં સુગન્ધિત પદાર્થો અને ઔષધિ યુક્ત જળ થી ભરેલ વેદીકા થી ઉત્તર ભાગમાં આઠ ઘડાના જળથી સ્નાન કરવાનું વિધાન છે. આ સ્નાન વિશેષ મંત્રોચ્ચારણ થી કરવામાં આવે છે. ત્યાર પછી બ્રહ્મચારી મેખલા અને દંડનો ત્યાગ કરે છે. ( બાળકને જ્યારે યજ્ઞોપવિત ધારણ કરાવવામાં આવે ત્યારે મેખલા અને દંડ ધારણ કરાવવામાં આવ્યો હોય છે ) સમાવર્તન સંસ્કાર પછી આ બન્નેનો ત્યાગ કરાવવામાં આવે છે. આ સંસ્કાર પછી આચાર્ય (વિદ્યાગુરુ) બાળકને સ્નાતકની ઉપાધિ આપે છે. આ ઉપાધિ મેળવ્યા પછી બ્રહ્મચારી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાનો અધિકાર મળે છે. સુંદર વસ્ત્ર અને આભૂષણ ધારણ કરે છે અને આચાર્ય અને વડીલજનો પાસેથી આશીર્વાદ મેળવીને પોતાના ઘરે જવા માટે ગુરુકળમાંથી વિદાય લે છે. આ સંસ્કાર સમયે પિતા સંકલ્પ કરે છે - अमुकब्रह्ममुकराशे अस्य वटोः स्नाकत्व सिद्धये समावर्तन कर्म करिष्ये ।। આ સંકલ્પ સાથે આ સંસ્કારને પૂર્ણ કરી આચાર્ય (વિદ્યાગુરુ)ને દાન દક્ષિણા આપીને આશીર્વાદ ગ્રહણ કરે.

* * * * *

# (૧૫) વિવાહ સંસ્કાર

વિવાહ જીવનનો સૌથી મહત્વપૂર્ણ સંસ્કાર છે. પ્રાચીન સમયમાંથીજ સ્ત્રી અને પુરુષ બન્ને માટે આ સંસ્કાર અતિ મહત્વપૂર્ણ છે. યજ્ઞોપવીત થી સમાવર્તન સંસ્કાર સુધી બ્રહ્મચાર્ય વ્રતનું પાલન કરવું આપણા વૈદિક શાસ્ત્રોમાં વિધાન છે. વેદાધ્યાન પછી બ્રહ્મચારી જ્યારે યુવાન થાય છે ત્યારે તેમાં સામાજિક પરંપરા સમજતો થાય અને પરિપક્વતા આવે છે ત્યારે તેને ગૃહસ્થ ધર્મમાં પ્રવેશ કરાવવામાં આવે છે. પ્રાચીન સમયમાં પચીસ વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કર્યા પછી યુવાન લગ્નના બંધનમાં બંધાય છે. આ એક એવો સંસ્કાર છે બધા વર્ણોને સમાનરુપથી કરવાનો વિધિ છે. વિવાહ સ્ત્રી-પુરુષના સંબન્ધને સામાજિક માન્યાતા આપે છે અને સાથો સાથ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ માટે સ્ત્રી-પુરુષના સાહચર્ય અને સહધર્માચરણની ભૂમિકા પણ તૈયર કરે છે.

માનવ જીવનમાં આ સંસ્કારનું વિશેષ મહત્વ છે. સમાજમાં એક અત્યન્ત દાયિત્વપૂર્ણ અધિકાર વર-વધૂને વિવાહ સંસ્કારના માધ્યમથી આપવામાં આવે છે. જેવી રીતે ભગવાન વિષ્ણુ સમસ્ત જીવોનું પોષણ અને ધારણ કરે છે તેવી જ રીતે વિવાહ દ્વારા વર-વધૂ વૈવાહિક યજ્ઞના માધ્યમથી વિવાહસૂત્રમાં બંધાઈને પોતાના પરિવારના દરેક વ્યક્તિનું યોગ્ય પાલન,પોષણ અને સંવર્ધન કરવાનું સ્વીકારે છે.

સોળ સંસ્કારમાં સૌથી મહત્વપૂર્ણ વિવાહ સંસ્કાર છે. વિવાહ સંસ્કાર જુદી-જુદી રીતિ-રિવાજોથી કરવામાં આવે છે. પરન્તુ આપણા શાસ્ત્રોમાં (હિન્દુ સમાજના રિવાજ પ્રમાણે )આઠ

પ્રકારના વિવાહનો ઉલ્લેખ મળે છે. ब्राह्मो दैवस्तथैवार्षः प्राजापत्यतथासुरः । गांधर्वो राक्षसश्चैव पैशाचश्चाष्टमोधमः ।। બ્રાહ્મૈ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગન્ધર્વ, રાક્ષસ અને પૈશાચ આ આઠ પ્રકારના વિવાહ બતાવવામાં આવ્યા છે.

(૧) બ્રાહ્મી - કન્યાના પિતા દ્વારા કન્યાને સુસજ્જિત કરીને વરને બોલાવીને કન્યાદાન કરવું. આ વિવાહ સૌથી ઉત્તમ માનવામાં આવ્યો છે. તેથી બધાને બ્રાહ્મી વિવાહ કરવો જોઈએ. આ વિવાહ કરવાથી સુસંસ્કારી અને ભદ્ર સમાજનું નિર્માણ થાય છે અને બાળકો પણ સંસ્કારી બને છે.

(૨) દૈવ - ઋત્વિક્‌ને વસ્ત્ર આદિથી સુસજ્જિત કરીને કન્યાદાન આપવું તથા યજ્ઞાદિક કાર્ય માટે વર પાસેથી ગાય આદિને લઈને કન્યાદાન કરવું.

(૩) આર્ષ - વર કન્યાને ગૃહસ્થધર્મનું પાલન કરવાની આજ્ઞા આપવી.

(૪) પ્રાજાપત્ય - કન્યાના કુટુંબીજનોને ધન ધાન્ય આપીને વિવાહ કરવો.

(૫) આસુર વિવાહ - વર અને કન્યાના પરસ્પર પ્રેમથી કરવામાં આવતો વિવાહ.

(૬) ગન્ધર્વ વિવાહ - કન્યાને બળપૂર્વક અપહરણ કરીને વિવાહ કરવો.

(૭-૮) રાક્ષસ અને પૈશાચ વિવાહ - કન્યાની સાથે બળપૂર્વક સંબન્ધ કરીને તેનું અપહરણ કરીને લઈ જાય તેને રાક્ષસ-પૈશાચ વિવાહ કહેવાય છે.

ઉપર જણાવેલ આઠ પ્રકારના વિવાહોમાંથી પહેલા ચાર

વિવાહ કરવાની શાસ્ત્રમાં આજ્ઞા કરી છે. અને બાકીના ચારનો નિષેધ કરે છે. પ્રથમ કહેલા ચાર વિવાહામાં થી પણ વૈદિક શાસ્ત્રોમાં બ્રાહ્મ વિવાહને સૌથી પવિત્ર અને ઉત્તમ માનવામાં આવેલ છે. તેથી હિન્દુ સંસ્કૃતિમાં વિશ્વાસ રાખનારને બ્રાહ્મ વિવાહ જ કરવા જોઈએ.

વિવાહ સમયે બન્ને વર અને વધુનાં માતા-પિતાએ ઉપવાસ કરવો જોઈએ. વિવાહના દિવસે કન્યાના ઘરમાં શુભ લગ્ન તથા વિવાહોક્ત નક્ષત્રમાં વર કન્યાને મંગળ સ્નાન કરવું. શુભ લગ્નમાં શ્રીગણેશ આદિ દેવોનું પૂજન કરી કન્યાના પિતા પાસે ભૂદેવ સંકલ્પ કરાવે **“तत्सदधेत्यादि अमुक गोत्रोत्पनोहं स्व पुत्रस्य कन्याका वा विवाहोत्सांगता सिद्ध्यर्थं गणपतिस्थापनं पूजनं करिष्ये ।।”**

વૈદિક કાળમાં ઋષિઓએ વિવાહ સંસ્કારની સ્થાપના કરીને સમાજને સંગઠિત અને નિયમબદ્ધ કર્યો છે. આજે એ સંસ્કારના ફળસ્વરુપે આપણો સમાજ સ્વછન્દી ઉચ્છૃંખલ ન બનતા એક સુસંસ્કારી બન્યો છે અને આ બધુ વિવાહરુપ સંસ્કારથી જ સંભવ છે. તેથી જ માનવ જીવનમાં વિવાહ સંસ્કારનું વિશેષ મહત્વ છે.

## સપ્તપદી

વિવાહ સંસ્કારમાં સપ્તપદી વિધિ કરવામાં આવે છે. આ વિધિમાં વર-વધૂને સાત પગલાં સાથે ચાલવાનાં હોય છે. આ સાતે પગલામાં સાત અચલ (પર્વતો)નું પૂજન કરવાનું હોય છે. તેનો હેતુ એવો હોય છે કે - જેમ સાત પર્વતો પોતાના સ્થાનથી

ચલાયમાન થતા નથી, સ્થિર રહે છે. તેવી રીતે અમો વર-વધૂ પણ દામ્પત્ય જીવનમાં સાત પ્રતિજ્ઞાઓના પરિપાલનમાં ચલાયમાન ન થઈએ અને અમારો ગૃહસ્થાશ્રમ ઉત્કૃષ્ટ, દૈવી, તેજસ્વી બનાવી ભગવદ્-કાર્ય પરાયણ બનીએ.

## વરની સાત પ્રતિજ્ઞા

સાત લોકની એક-એક પ્રતિજ્ઞા લેવામાં આવે છે.

**ॐ एकमिषे विष्णुस्तवा नयतु । (१)**

(૧) હે પ્રિયે ! સર્વ પુરુષાર્થના સાધનભૂત એવા આ મુખ્ય ભૂલોકમાં સૌભાગ્ય તથા ઈચ્છિત ફલની પ્રાપ્તિ થાય અને મારા ઘરમાં અન્ન, વસ્ત્ર, દ્રવ્ય આદિ ઘરની પ્રત્યેક વસ્તુઓ સંભાળવામાં મને મદદ કરવા માટે તું મારા ઘરની અધિકારિણી થા.

**ॐ द्वे उर्जे विष्णुस्त्वा नयतु । (२)**

(૨) હે પ્રિયે ! તને ભૂર્લોક અને ભુવર્લોકમાં બલવતી રહેવા માટે ભગવાન વિષ્ણુ સહાયરૂપ થાઓ. કારણ તે તારા બળથી મારા બળમાં વધારો થશે.

**ॐ त्रीणि रायस्पोषाय विष्णुस्त्वा नयतु । (३)**

(૩) હે પ્રિયે ! તુ ભૂર્લોક, ભૂવર્લોક અને સ્વર્ગલોકના સ્થાનમાં મારા ધનની વૃદ્ધિ અને સંભાળ રાખવા માટે મારા ઘરની અધિકારિણી થા.

**ॐ चत्वारि मायोभवाय विष्णुस्त्वा नयतु । (४)**

(૪) હે પ્રાણપ્રિયે ! ભૂર્લોક, ભૂવર્લોક અને સ્વર્ગલોક અને

મહર્લોકમાં મને સુખ પ્રાપ્ત થાય તે માટે મારા ઘરની અધિકારિણી થઈ મારી શુભ મનોવૃત્તિઓને અનુસરનારી થા.

**ॐ पंच पशुभ्यो विष्णुस्त्वा नयतु ।** (५)

(૫) હે પ્રિયે ! ભૂર્લોક, ભૂવર્લોક અને સ્વર્ગલોક, મહર્લોક અને જનલોક આ પાંચ લોકનાં સ્થાનોમાં ભગવાન વિષ્ણુની કૃપાથી મને સુખ આપનારી થા, અને મારા ઘરમાં ગાય, ભેંસ વગેરે ગોરસ આપનારા પશુઓનાં રક્ષણ માટે મારા ઘરની અધિકારિણી થા.

**ॐ षड् ऋतुभ्यो विष्णुस्त्वा नयतु ।** (६)

(૬) હે પ્રિયે ! તું ભૂર્લોક, ભૂવર્લોક અને સ્વર્ગલોક, મહર્લોક, જનલોક અને તપોલોકનાં સ્થાનમાં તથા વસંત આદિ છ ઋતુઓમાં ભગવાન વિષ્ણુની કૃપાથી મારી સાથે ઉત્તમ સુખ ભોગવનારી તથા મારી શુભ કામનાઓને અનુસરનારી થા.

**ॐ सखे सप्तपदा भव, सा मामनुव्रता भव । विष्णुस्त्वा नयतु ।** (७)

(૭) હે પ્રિયે ! તું ભૂર્લોક, ભૂવર્લોક અને સ્વર્ગલોક, મહર્લોક જનલોક અને સત્યલોકના સુખોની પ્રાપ્તિ માટે પતિવ્રતા ધર્મનું યથાર્થ રીતે પાલન કરી મારી સાથે દિવ્ય ઉત્તમ સુખ ભોગવનારી ભગવાન વિષ્ણુની કૃપા મેળવનારી થા.

આ રીતે વિવાહમાં સપ્તપદીમાં વરની પ્રતિજ્ઞાનું આગવું મહત્વ છે. તેવી જ રીતે કન્યાની સાત પ્રતિજ્ઞાઓ હોય છે.

## કન્યાની સાત પ્રતિજ્ઞા

**त्वात्तोऽमे खिलसौभाग्यं पुण्यैस्तवं विविधैः कृतैः ।**

**देव ! संपादितो मह्यं वधूराद्ये पदेऽब्रवीत् ।**

(૧) પહેલા પગલે - હે દેવ ! મેં જન્માન્તરમાં વિવિધ પ્રકારે કરેલાં પુણ્યના પ્રતાપથી તમારી પ્રાપ્તિરૂપ મારૂં સૌભાગ્ય મેળવ્યું છે.

**कुटुम्बं पालयिष्यामि ह्यावृद्धबालकादिकम् ।**
**यथालब्धेन संतुष्टा ब्रुते कन्या द्वितीयके।**

(૨) બીજે પગલે - હું તમારા બાલકથી તે વૃદ્ધવસ્થા સુધીના કુટુંબનું પાલન કરીશ અને મને નિર્વાહાર્થે જે મળશે તેમાં સંતોષ પામીશ.

**मिष्टान्नव्यंजनादिनी काले संपादये तव ।**
**आज्ञासंपादिनी नित्यं तृतीये साऽब्रवीद्वरम् ।।**

(૩) ત્રીજે પગલે - હું પ્રતિદિન તમારી આજ્ઞાનું પાલન કરીશ અને સમયસર મીઠાં અન્ન અને શાકાદિ તૈયાર કરી આપીશ.

**शुचिः शृङ्गारभूषाऽहं वाङ्मनः कायकर्मभिः ।**
**क्रीडिष्यामि त्वया सार्धं तुरीये सा वदेद्वरम् ।।**

(૪) ચોથે પગલે - હું સ્વચ્છતાપૂર્વક સર્વ શણગાર ધારણ કરીને મન, વાણી અને શરીરની ક્રિયા વડે તમારી સાથે ક્રીડા કરીશ.

**दुःखे धीरा सुखे हृष्टा सुखदुःखविभागिनी ।**
**नाहं परतरं यामि पंचमे साऽब्रवीद्वरम् ।।**

(૫) પાંચમે પગલે - દુઃખમાં ધીરજ રાખનારી અને સુખમાં પ્રસન્ન થનારી હું તમારા સુખદુઃખની સહભાગી થઈશ અને હું કદાપિ પરપુરૂષનો સંગ કરીશ નહીં.

**सुखेन सर्वकर्माणि करिष्यामि गृहे तव ।**
**सेवा श्वसुरयोश्चापि बन्धूनां सत्कृतिं तथा ।।**

**यत्र त्वं अहं तत्र नाहं वञ्चे प्रियं क्वचित् ।**
**नाहं प्रियेण वञ्च्या हि कन्या षष्ठे पदेऽब्रवीत् ॥**

(૬) છટ્ટે પગલે- હું તમારા ઘરનાં સર્વ કામો સુખપૂર્વક કરીશ, તથા સાસુ-સસરાની સેવા અને બીજા સંબંધીઓનો સત્કાર કરીશ. જ્યાં તમે હશો ત્યાં હું રહીશ. હું મારા પ્રિય (સ્વામી)ને ક્યારે પણ છેતરીશ નહીં અને હું પણ સ્વામીથી નહીં છેતરાઉ.

**होमयज्ञादिकार्येषु भवामि च साहाय्यकृत् ।**
**धर्मार्थकामकार्येषु मनोवृत्तानुसारिणी ॥**

(૭) સાતમે પગલે - હે સ્વામી ! હોમ યજ્ઞાદિ કાર્યોમાં હું તમને સહાય કરીશ અને ધર્મ અર્થ તથા કામ સંબંધી કાર્યોમાં હું તમારી ઈચ્છાને જ આધીન થઈશ. અહીં આ અગ્નિદેવ, બ્રાહ્મણ અને મારાં માતાપિતાદિ સંબંધી વર્ગના સાક્ષીપણામાં તમે મારા સ્વામી થયા છો અને મેં દેહ તમને અર્પણ કર્યો છે.

આ પ્રમાણે બન્ને વર-વધૂને પરણતી વખતે સંકલ્પ કરવાનો અને તેને જીવનભર નિભાવવાનો હોય છે.

* * * * *

## (૧૬) અન્ત્યેષ્ઠિ સંસ્કાર

માનવજીવનના બે બિન્દુ છે. એક જન્મ અને બીજુ મૃત્યુ. આ બન્ને વચ્ચે જીવનચક્ર છે. જનાં આ બે બિન્દુ મટી ગયાં તેનો મોક્ષ - મુક્તિ થઈ ગઈ. પરન્તુ મુક્તિ વિના આ બન્ને બિન્દુ જીવાત્મા માટે અનિવાર્ય છે. કોઈ એવું કુટુમ્બ નહી હોય જેના

ઘરમાં કોઈનું મૃત્યું ન થયુ હોય.મૃત્યુ જીવનનું અંતિમ સોપાન છે. બધાને ત્યાં સુધી પહોંચવાનું છે.

માનવ જીવનના પ્રથમ ચરણમાં બ્રહ્મચર્ય પૂર્વક વિદ્યાધ્યયન તથા ગૃહસ્થ પછી વાનપ્રસ્થી થવું જોઈએ. વૈરાગ્ય, વિવેક જાગ્રતકરી સેવા, સ્વાધ્યાય, યજ્ઞ, તપ, ધ્યાન, સાધના દ્વારા મનુષ્ય પોતાનો અંતિમ સમય અર્થાત્ મૃત્યુ સુધારી લેવું જોઈએ. શાસ્ત્રોમાં કહ્યું છે કે - પચાસ વર્ષ પાર કર્યા પછી જીવનને સુધારવા માટે સંસારની મોહ માયાથી દૂર રહેવું જોઈએ. વાનપ્રસ્થ આશ્રમમાં પ્રવેશ કરી ભગવદ્ ભક્તિ કરવી જોઈએ.

શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે - જેમ અગ્નિમાં તપાવીને ધાતુઓને, સ્નાનથી શરીરને, સંતોષથી મનને સંસ્કારિત કરવામાં આવે છે તેવી રીતે વિપરીત અનાચાર થી આપણે વસ્તુઓને અને ભાવોને કુસંસ્કારિત પણ કરીએ છીએ. આપણુ અંતઃકરણ એક વિચિત્ર તત્ત્વ છે જેમ - જેમ આપણે વિચારોને ચિન્તનથી ટાળવાનો પ્રયત્ન કરીએ એટલું વધારે અંતઃકરણ અંકિત થાય છે. આપણે જેટલી વાર જે સારા અથવા ખરાબ ભાવનું ચિન્તન કરીએ તેટલું વધારે અંતઃકરણમાં અંકિત થઇ જાય છે. આને અંતઃકરણના સંસ્કાર કહીએ છીએ. આ સંસ્કાર બે રીતે અંકિત થઇ જાય છે એક ચેતન મનમાં અને બીજા અવચેતન મનમાં. જે ચેતન મનમાં અંકિત થાય છે તેને આપણે ઐચ્છિક રુપથી જાણીએ છીએ અને અવચેતન મનમાં અંકિત થાય છે તેને અનૈચ્છિક રુપથી જાણીએ છે આ સંસ્કાર ક્યારેક જાગ્રત અવસ્થામાં તો ક્યારેક સ્વપ્નાવસ્થામાં જણાય છે.

સારા સંસ્કાર આપણને ધર્મસંમત કાર્ય કરાવીને સુખ

આપે છે તથા ખરાબ સંસ્કાર ખોટાં કાર્યો કરાવીને દુઃખ આપે છે. સુખ-દુઃખનું કારણ આપણા સંસ્કાર છે. સંસ્કાર જ જીવનની ઉન્નતિ અને અવનતિ, સુખ-દુઃખ આદિનું મૂળ છે. તેથી દુઃખથી મુક્ત થવા માટે શુભ કાર્યો કરવાં જોઈએ અને શુભ કાર્ય કરવા માટે શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ કરવી જોઈએ. ભગવદ્ભક્તિમય સંસ્કાર જ વ્યક્તિને મોક્ષ આપાવે છે તેથી માનવજીવનમાં સંસ્કારનું ઘણું મહત્વ છે.

અન્ત્યેષ્ઠિને અંતિમ અથવા અગ્નિ પરિગ્રહ સંસ્કાર પણ કહેવામાં આવે છે. આત્મામાં અગ્નિનું પ્રદાન કરવું એને જ અગ્નિ પરિગ્રહ કહે છે. ધર્મ શાસ્ત્રોમાં કહેલું છે કે મૃતાત્માના શરીરની વિધિવત્ ક્રિયા કરીને અગ્નિ પ્રદાન કરવામાં આવે તો આત્માની વાસનાઓ શાન્ત થઈ જાય છે. આપણા શાસ્ત્રોમાં આ લોક (પૃથ્વી) અને પર લોક (સ્વર્ગાદિ) માનવામાં આવેલ છે જ્યાં સુધી જીવાત્મા આલોકમાં શરીર ધારણ કરીને રહે છે ત્યાં સુધી જુદા-જુદા કર્મોથી બંધાયેલો રહે છે. પ્રાણ નિકળ્યા પછી આ પૃથ્વી લોકને છોડીને કર્માનુંસાર જુદા જુદા લોકમાં જાય છે અને ત્યાં કર્માનુંસાર ફળ ભોગવે છે. જે ભગવાનનો ભક્ત છે તે તો ભગવાનના ધામમાં જાય છે તેને બીજે ક્યાં ભટકવું પડતું નથી પરન્તુ જેને સારાં કર્મ નથી કર્યાં તેને પણ જો શાસ્ત્ર વિધિ પ્રમાણે અન્તિમ ક્રિયા કરવામાં આવે તો તેને પણ શાન્તિ મળે છે. તેથી અન્ત્યેષ્ઠિ સંસ્કારનું પણ અતિ મહત્વ કહેલું છે.

ब्रह्मक्षत्रियविद्शूद्रा वर्णास्त्वाद्यास्त्रयो द्विजाः ।<br>
निषेकाद्याः श्मशानान्तास्तेषां वै मन्त्रतः क्रियाः ।।

અન્ત્યેષ્ટિ કર્મ મનુષ્ય જીવનના અંતિમ સંસ્કારના રુપમાં

હોય છે. વિદ્વાન આ શરીરનો મરણધર્મ જાણીને આ કર્મને પણ સંસ્કાર દ્વારા કરવામાં ઉચિત માન્યો છે.

મનુષ્યના મરણ પર તેના સંબન્ધી તથા પરિજનો રુદન કરે છે પરન્તુ રુદનથી કે દુ:ખી થવાથી કાંઇ થઇ શકતું નથી ઉલ્ટાનું માનસિક કષ્ટ ભોગવવું પડે છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે -

रोदनपेक्ष्या कुर्यात् सुव्यवस्थां मृतात्मन ।
समाश्रिता समार्थानां पुत्रादीनां समाचरेत् ।।
कल्याणमय कर्माभि मृतात्मन, सुशान्तये ।
तच्छेषोत्तरदायित्वं विदधेच्च शुभेच्छाया ।।

રુદન ન કરીને મૃતાત્માના પુત્રાદિ માટે સુવ્યવસ્થા કરે અને મૃતાત્માની શાન્તિ માટે કલ્યાણકારી કાર્યો કરે તથા તેના દ્વારા અધુરાં રહેલાં કાર્યો પૂરાં કરે. મૃત્યુ સમયે મરનારને પોતાના કર્તવ્યનું જ્ઞાન રહેતું નથી કેટલાક અજ્ઞાની વ્યક્તિ હોય છે મરણ સમયે સંસારમાં મોહ હોય છે અને કેટલાક જ્ઞાની હોય છે જેને સંસારનો મોહ બિલકુલ નથી હોતો. પરન્તુ પરિજનોનું કર્તવ્ય છે કે મૃતાત્માની સામે રુદન ન કરે આ સમયે શ્રીમદ્‌ભાગવત, સત્સંગીજીવન શ્રીમદ્‌ભગવદ્‌ગીતા. રામાયણ આદિક ધાર્મિક ગ્રન્થોનું વાંચન કરે અને મૃતાત્માને પણ સંભળાવે.

## અગ્નિસંસ્કાર

દાહકર્મ કરવા માટે પહેલો અધિકાર તેમના પુત્રાદિકને છે. તે સ્નાન કરી શુદ્ધ વસ્ત્રો પહેરે શબની જમણી બાજુ બેસીને પિંડ આપે. તે સમયે સંકલ્પપૂર્વક શવની આજુ-બાજુ અને છાતી પર પિંડ રાખે. ત્યાર પછી પરિજનોની મદદથી તેને શ્મશાન

લઈ જાય ત્યાં ચિતા માટે ભૂમિ સાફ કરે તે ઉપર ગાયનું છાણ અને ગંગાજળથી પવિત્ર કરે. ત્યાર પછી મંત્રોચ્ચાર કરે - शुद्ध वालः सर्वशुद्ध वालो मणि वालस्तअश्विनाः श्येत श्येताक्षोरूणस्ते रुद्राय पशुपतये कर्णायां अवलिप्ता रौद्रा नभौरूपाः पार्जन्याः ।

આ મંત્ર બોલી ભૂમિને જળથી પવિત્ર કરે ત્યાર પછી તેના પર ૐ લખે ત્યારબાદ યોગ્યરીતે પર્યાપ્ત કાષ્ટની ચિતા બનાવે અને તેની ઉપર શવને ઉત્તરદિશામાં પગ રાખીને લેટાળવામાં આવે પછી તેના નાક, કાન નેત્ર અને મુખમાં ઘી નાખવું જોઈએ. ત્યારપછી શવની આજુ-બાજુ નારિયલ તથા તુલસી કાષ્ટ મુકવાં અને દાહ આપનાર અગ્નિ લઈને શવની ચાર પરિક્રમા કરે ત્યાર પછી પગના અંગુઠા દ્વારા શબને દાહ આપે. અન્યેષ્ટિ પુરો થયા પછી અસ્થિપુષ્પ લઈને ગંગાજળમાં પધરાવવા માટે રાખે ત્યારપછી ચિતાના સ્થાનને સ્વચ્છ કરે તથા જળથી પવિત્ર કરે. ત્યારપછી વસ્ત્રે સહિત સ્નાન કરે અને પવિત્ર વસ્ત્રો ધારણ કરી અન્ત્યેષ્ટિ ક્રિયા સમાપ્ત કરે.

ત્યારપછી યથાયોગ્ય તર્પણ, દેવ તર્પણ, ઋષિતર્પણ, દિવ્ય મનુષ્ય તર્પણ, પિતૃતર્પણ, યમ તર્પણ, પિતૃહોમ, પિંડ દાન આદિ તથા શ્રાદ્ધકર્મ કરે અને યથાયોગ્ય ગાય-બ્રાહ્મણોને દાન આપે. આ કર્મો કરવાથી મૃતાત્મા દુષ્કર્મોથી મુક્ત થઈ ઉર્ધ્વગતિને પામે છે.

**સમાપ્ત**